spardhātmak


# ICE® MAGIC

## CURRENT AFFAIRS




સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[MAY-JUNE - 2019]

[26/05 to 01/06]

# WEEK-22

## CURRENT TOPIC

- શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભારતના વડાપ્રધાન તરીકે સતત બીજીવાર શપથ
- નાણાકીય વર્ષ 2018-19માં ભારતનો GDP વૃદ્ધિ દર 6.8 ટકા
- ચાર રાજ્યોમાં નવા મુખ્યમંત્રીશ્રીના શપથ
- IMD World Competitiveness Ranking 2019
- આકાશ મિસાઈલની નવી આવૃત્તિનું DRDO દ્વારા સફળ પરીક્ષણ
- સુપ્રીમ કોર્ટમાં ચાર નવા જજની નિમણૂક : સુપ્રીમ કોર્ટમાં જજની કુલ સંખ્યા 31 થઈ

## 26 MAY, 2019 SUNDAY

## ➤ સુપ્રીમ કોર્ટમાં ચાર નવા જજની નિમણૂક : સુપ્રીમ કોર્ટમાં જજની કુલ સંખ્યા 31 થઈ

તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટમાં ચાર નવા જજની નિમણૂક કરવામાં આવી છે. આ ચાર નવા જજના નામ આ પ્રમાણે છે :

(1) જસ્ટિસ બી. આર. ગવાઈ
(2) જસ્ટિસ સૂર્યકાન્ત
(3) જસ્ટિસ અનિરુદ્ધ બોઝ
(4) જસ્ટિસ એ. એસ. બોપન્ના

- ભારતની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈએ આ ચારેય ન્યાયાધીશોને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકેના શપથ અપાવ્યા છે.
- આ નવા ચારેય જજે 24 મે, 2019થી પોતાનો હોદ્દો સંભાળ્યો છે.
- અને આ સાથે જ સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ સહિત કુલ જજની સંખ્યા 31 થઈ ગઈ છે.
- ભારતની સંસદ દ્વારા વર્ષ 2008માં સુપ્રીમ કોર્ટમાં કુલ જજની સંખ્યા 26થી વધારીને 31 કરવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ મંજૂરી મળ્યા બાદ સુપ્રીમ કોર્ટના જજની તમામ 31 જગ્યાઓ ભરવામાં આવી હોય એવો આ પ્રથમ બનાવ છે.

### ભારતની સુપ્રીમ કોર્ટમાં ત્રણ મહિલા જજ

ભારતની સુપ્રીમ કોર્ટમાં હાલ (26 મે 2019ની સ્થિતિએ) ત્રણ મહિલા જજો કાર્યરત છે.

- ભારતની સુપ્રીમ કોર્ટમાં એક સાથે ત્રણ મહિલા, જજ તરીકે કાર્યરત હોય એવી સુપ્રીમ કોર્ટના ઈતિહાસની આ પ્રથમ ઘટના છે.

### ભારતની સુપ્રીમ કોર્ટમાં વર્તમાન સમયે કાર્યરત મહિલા જજ

| ક્રમ | નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | જસ્ટિસ આર. બાનુમથી | તમિલનાડુ |
| 2 | જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા | દિલ્હી |
| 3 | જસ્ટિસ ઈન્દિરા બેનર્જી | પશ્ચિમ બંગાળ |

**નોંધ :** જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા વકીલમાંથી સીધા જ સુપ્રીમ કોર્ટના જજ બનનાર પ્રથમ મહિલા જજ છે.

### સુપ્રીમ કોર્ટ

- ભારતીય બંધારણના ભાગ-5માં અનુચ્છેદ 124થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- 28 જાન્યુઆરી, 1950ના રોજ નવી દિલ્હી ખાતે Chamber of Princesમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં 'ભારત સરકાર અધિનિયમ, 1935' હેઠળ 'ફેડરલ કોર્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ 'ફેડરલ કોર્ટ'ની અનુગામી સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ **શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર** હતા.
- ભારતીય બંધારણના અનુચ્છેદ **124**માં **સર્વોચ્ચ અદાલત**ની સ્થાપનાની જોગવાઈ છે.
- સુપ્રીમ કોર્ટનો **મુદ્રાલેખ** છે : **'યતો ધર્મસ્તતો જય:'** એટલે કે **"જયાં ધર્મ છે ત્યાં જ વિજય છે."**
- સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે **અંગ્રેજી ભાષા**નો ઉપયોગ કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ ઈ.સ. **1861**માં **કોલકાતા** બાદ **મુંબઈ** અને **મદ્રાસ** ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. (આ અદાલતોની સ્થાપના **'ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ, 1862'** મુજબ કરવામાં આવી હતી.)

## સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશની સંખ્યા

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(1)** મુજબ **સંસદ** સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં વધારો કે ઘટાડો કરી શકે છે.
- શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 7 ન્યાયાધીશ મળીને) કુલ **8 ન્યાયાધીશો** હતા.
- છેલ્લે 2008માં ન્યાયાધીશોની કુલ સંખ્યા 26થી વધારીને 31 કરવામાં આવી હતી.
- આથી,વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 30 ન્યાયાધીશ મળીને) વધુમાં વધુ કુલ **31 ન્યાયાધીશો** રાખવાની જોગવાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(3)** મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની **લાયકાત** નીચે મુજબ છે :

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ. અથવા તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ. અથવા રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વધુમાં વધુ **65 વર્ષ**ની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

(2) જોકે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટે ન્યૂનતમ વય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

(3) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(2)** મુજબ **રાષ્ટ્રપતિ** દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની **નિમણૂક** કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(4)** અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક માટેની Collegium શું છે ?

ભારતમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના **ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશના મંડળ**ની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

- સુપ્રીમ કોર્ટના આ ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશના મંડળને **'Collegium'** તરીકે ઓળખવામાં આવે છે.
- આ **'Collegium'**માં સુપ્રીમ કોર્ટના ભાવિ મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ કરવો અનિવાર્ય છે.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશનો પગાર

ભારતમાં વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટના **ન્યાયાધીશ**નો માસિક પગાર **રૂ. 2,50,000** છે.

- જ્યારે સુપ્રીમ કોર્ટના **મુખ્ય ન્યાયાધીશ**નો માસિક પગાર **રૂા. 2,80,000** છે.

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

- સુપ્રીમ કોર્ટના વર્તમાન (26 મે, 2019ની સ્થિતિએ) મુખ્ય ન્યાયાધીશ **શ્રી રંજન ગોગોઇ** ભારતના **46મા** મુખ્ય ન્યાયાધીશ છે.
- સુપ્રીમ કોર્ટના **પ્રથમ** મુખ્ય ન્યાયાધીશ **શ્રી હરિલાલ જે. કણિયા** ગુજરાતી હતા.
- **જસ્ટિસ મુહમ્મદ હિદાયતુલ્લાહ** સુપ્રીમ કોર્ટના એવા મુખ્ય ન્યાયાધીશ હતા કે જેમણે ભારતના **કાર્યકારી રાષ્ટ્રપતિ** તરીકે સેવા આપી હતી.

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના **પ્રથમ મહિલા ન્યાયાધીશ શ્રીમતી ફાતિમાબીબી** હતા.

(2) જેમની વિરુદ્ધ **સૌપ્રથમ વખત ન્યાયાધીશ પદેથી હટાવવાનો પ્રસ્તાવ** લાવવામાં આવ્યો હોય તેવા સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ **શ્રી વી. રામાસ્વામી** હતા. જોકે તેમની વિરુદ્ધનો આ પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં જન્મ થયો હોય તેવા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

| ક્રમ (કેટલામા મુખ્યન્યાયાધીશ) | નામ | જન્મ સ્થળ |
|---|---|---|
| 1 | શ્રી હરિલાલ જે. કણિયા | નવસારી |
| 12 | શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ | અમદાવાદ |
| 17 | શ્રી પી. એન. (પ્રફુલ્લચંદ્ર નટવરલાલ) ભગવતી | અમદાવાદ |
| 26 | શ્રી અઝીઝ મુશબ્બર અહમદી | સુરત |

**નોંધ :** સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ **શ્રી હરિલાલ જે. કણિયા**ના ભત્રીજા **શ્રી એમ. એચ. (મધુકર હિરાલાલ) કણિયા** પણ ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. જોકે, શ્રી એમ. એચ. કણિયાનો જન્મ **મુંબઈ**માં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| 124 થી 147 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| 124 | સુપ્રીમ કોર્ટની સ્થાપના |
| 124(1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| 124(2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક |
| 124(3) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| 124(4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા |



## ➤ સુખોઈ વિમાન દ્વારા ગાઈડેડ બોમ્બનું સફળ પરીક્ષણ

24 મે, 2019ના રોજ **DRDO** દ્વારા **રાજસ્થાન**ના **પોખરણ**માં **500 કિલોગ્રામ** વજનના **ગાઈડેડ બોમ્બ**નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતના **સુખોઈ (Sukhoi Su-30 MKI)** નામના ફાઈટર વિમાનમાંથી આ ગાઈડેડ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- સ્વદેશી બનાવટના 500 કિલોગ્રામ વજનની શ્રેણીના આ બોમ્બે ખૂબ જ ચોકસાઈથી 30 કિમી. દૂરના પોતાના લક્ષ્યને વીંધ્યુ હતું.
- આ ગાઈડેડ બોમ્બથી ભારતીય વાયુસેનાની મારક ક્ષમતામાં વધારો થશે.

ICE Questions

1. તાજેતરમાં મે 2019 દરમિયાન ભારતની સુપ્રીમ કોર્ટમાં 4 નવા જજની નિમણૂક કરવામાં આવી છે...આ 4 જજોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) જસ્ટિસ બી. આર. ગવાઈ (B) જસ્ટિસ આર. કે. મલ્હોત્રા
(C) જસ્ટિસ સૂર્યકાન્ત (D) જસ્ટિસ અનિરુદ્ધ બોઝ
(B)

2. વર્તમાન સમયે ભારતની સુપ્રીમ કોર્ટમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સહિત વધુમાં વધુ કુલ કેટલા ન્યાયધીશોની નિમણૂક કરી શકાય છે ?
(A) 28 (B) 30 (C) 31 (D) 32
(C)

3. સુપ્રીમ કોર્ટના વર્તમાન (26 મે, 2019ની સ્થિતિએ) મહિલા જજમાં નીચેનામાંથી કયા જજનો સમાવેશ થતો નથી ?
(A) જસ્ટિસ આર. બાનુમથી (R. Banumathi) (B) જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા
(C) જસ્ટિસ ઈન્દિરા બેનર્જી (D) જસ્ટિસ ઈન્દુમતી શર્મા
(D)

4. વકીલમાંથી સીધા જ સુપ્રીમ કોર્ટના જજ બનનાર ભારતના પ્રથમ મહિલા જજનું નામ શું છે ?
(A) જસ્ટિસ ઈન્દિરા બેનર્જી (B) જસ્ટિસ ઈન્દિરા મલ્હોત્રા
(C) જસ્ટિસ ઈન્દુમતી શર્મા (D) જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા
(D)

5. ભારતની સુપ્રીમ કોર્ટમાં શરૂઆતમાં કુલ કેટલા ન્યાયાધીશ હતા ?
(A) 8 (B) 10 (C) 12 (D) 14
(A)

6. ભારતમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
(A) 1950 (B) 1952 (C) 1954 (D) 1956
(A)

7. ભારતની વર્તમાન સુપ્રીમ કોર્ટ કઈ સંસ્થાની અનુગામી સંસ્થા છે ?
(A) દિલ્હી કોર્ટ (B) બોમ્બે કોર્ટ (C) ફેડરલ કોર્ટ (D) સેન્ટ્રલ કોર્ટ
(C)

8. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાતના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
(B) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ.

અથવા

તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ.

અથવા

રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.
(C) તેમની ઉંમર ઓછામાં ઓછી 25 વર્ષ હોવી જોઈએ.
(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે.
(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

9. સુપ્રીમ કોર્ટનો મુદ્રાલેખ અથવા તો ધ્યેય વાકય શું છે ?
(A) સત્યમેવ જયતે (B) ધર્મમ્ જયતે (C) સત્યમ્ વિજયમ્ (D) યતો ધર્મસ્તતો જય: (D)

10. ભારતમાં સૌપ્રથમ અદાલતની સ્થાપના કયારે થઈ હતી ?
(A) 1841 (B) 1851 (C) 1855 (D) 1861 (D)

11. ભારતમાં ઈ.સ. 1861માં સૌપ્રથમ ત્રણ અદાલતની સ્થાપના કરવામાં આવી હતી...આ ત્રણ સ્થળોમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?
(A) કોલકાતા (B) મુંબઈ (C) મદ્રાસ (D) દિલ્હી (D)

12. ભારતીય બંધારણના કયા ભાગમાં સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) ભાગ-3 (B) ભાગ-4 (C) ભાગ-5 (D) ભાગ-6 (C)

13. ભારતીય બંધારણના ભાગ-5માં કયા અનુચ્છેદ અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 124થી 134 (B) અનુચ્છેદ 124 થી 138
(C) અનુચ્છેદ 124થી 141 (D) અનુચ્છેદ 124 થી 147 (D)

14. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 124 (B) અનુચ્છેદ 125 (C) અનુચ્છેદ 126 (D) અનુચ્છેદ 127 (A)

15. 24 મે, 2019ના રોજ DRDO દ્વારા કયા વિમાનમાંથી ગાઈડેડ બોમ્બનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) Sukhoi SU-30 MKI (B) MiG-21
(C) MiG-29 (D) Mirage 2000 (A)

16. 24 મે, 2019ના રોજ ભારતીય વાયુસેનાના સુખોઈ નામના ફાઈટર પ્લેનમાંથી કેટલા કિલોના ગાઈડેડ બોમ્બનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) 400 (B) 500 (C) 1000 (D) 2000 (B)

17. 24 મે, 2019ના રોજ ભારતમાં કયાંથી 500 કિલોના ગાઈડેડ બોમ્બનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) ચાંદીપુર, ઓડિશા (B) પોખરણ, રાજસ્થાન
(C) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ (D) બેંગાલુરૂ, કર્ણાટક (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**27 MAY, 2019 MONDAY**

## ➤ દિવસ મહિમા : 27 મે, શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથી

## ➤ KIDSRIGHTS Index 2019



તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા કિડ્સ રાઈટ ઈન્ડેક્ષ 2019માં કુલ 180 દેશોમાં ભારત 117મા ક્રમે છે.

- આ યાદીમાં આઈસલેન્ડ પ્રથમ ક્રમે છે.
- આઈસલેન્ડ બાદ પોર્ટુગલ બીજા અને સ્વિત્ઝર્લેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે સીએરા લીઓન (SierraLeone) આ યાદીમાં અંતિમ 180મા ક્રમે છે.
- કિડ્સ રાઈટ ફાઉન્ડેશન અને ઈરેસ્મસ સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.
- આ રિપોર્ટમાં વિશ્વના વિવિધ દેશોમાં બાળકોના અધિકારોની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**KIDSRIGHTS Index 2019 Rank**

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | આઈસલેન્ડ |
| 2 | પોર્ટુગલ |
| 3 | સ્વિત્ઝર્લેન્ડ |
| 94 | ભૂટાન |
| 105 | ચીન |

| ક્રમ | દેશ |
|---|---|
| 108 | બાંગ્લાદેશ |
| 117 | ભારત |
| 170 | બ્રિટન |
| 180 | સીએરા લીઓન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બિન સચિવાલય (ધો.૧૨ પાસ) : ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ

બિન સચિવાલયના અરજી પત્રકો જે આર્થિક રીતે નબળા વર્ગોનું 10% અનામત મેળવવા માગતા વિદ્યાર્થીઓ તથા અગાઉ જે વિદ્યાર્થીઓને અરજી કરવાની બાકી હોય તે વિદ્યાર્થીઓ માટે ફરીથી અરજીપત્રકો મંગાવવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓએ અગાઉ અરજી કરેલ હશે તે અરજી માન્ય રાખેલ છે તેથી એવા વિદ્યાર્થીઓને ફરીથી અરજી કરવી જરૂરી નથી.

**Website : ojas.gujarat.gov.in**
**વિશેષ વિગત : gsssb.gujarat.gov.in**
**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : 30/06/2019**

## ➤ શ્રી સિરિલ રામાફોસા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા



તાજેતરમાં મે 2019 દરમિયાન દક્ષિણ આફ્રિકામાં National Assembly અને Provincial legislaturesની સામાન્ય ચૂંટણીનું આયોજન થયું હતું.

- દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી આ ચૂંટણીમાં શ્રી માતામેલા સિરિલ રામાફોસા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- શ્રી સિરિલ રામાફોસાના પક્ષનું નામ આફ્રિકન નેશનલ કોંગ્રેસ છે.
- તેમના પક્ષને કુલ 400માંથી 230 બેઠકો મળી હતી. અને તેમને 57.50 ટકા મત મળ્યા હતા.
- જ્યારે તેમના નજીકના હરિફ શ્રી મુમુસી મૈમેનને 84 બેઠકો અને 20.77 ટકા મતો મળ્યા હતા.
- શ્રી મુમુસી મૈમેનના પક્ષનું નામ ડેમોક્રેટિક અલાયન્સ છે.

### શ્રી સિરિલ રામાફોસા

આ અગાઉ શ્રી જેકબ ઝુમાની જગ્યાએ 15 ફેબ્રુઆરી, 2018ના રોજ શ્રી સિરિલ રામાફોસાની દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

- શ્રી સિરિલ રામાફોસા દક્ષિણ આફ્રિકાના 5મા રાષ્ટ્રપતિ છે.
- 26 મે, 2014થી 15 ફેબ્રુઆરી, 2018 સુધી તેઓ દક્ષિણ આફ્રિકાના 7મા ઉપરાષ્ટ્રપતિ હતા.




## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા કિડ્સ રાઈટ ઈન્ડેક્ષ 2019માં કુલ 180 દેશોમાં ભારત કયા ક્રમે છે ?<br>(A) 105 (B) 108 (C) 117 (D) 119 | (C) |
| 2. | કિડ્સ રાઈટ ઈન્ડેક્ષ 2019માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?<br>(A) આયર્લેન્ડ (B) સ્વીડન (C) ફિનલેન્ડ (D) આઈસલેન્ડ | (D) |
| 3. | કિડ્સ રાઈટ ઈન્ડેક્ષ 2019માં અંતિમ 180મા ક્રમે કયો દેશ છે ?<br>(A) કોસ્ટા રિકા (B) ફ્રેન્ચ ગુયાના (C) સીએરા લીઓન (D) ઘાના | (C) |
| 4. | તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના નવા રાષ્ટ્રપતિ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ?<br>(A) શ્રી જેકબ ઝુમા (B) શ્રી સિરિલ રામાફોસા (C) શ્રી મુમુસી મૈમેન (D) શ્રી થાબો મ્બેકી | (B) |
| 5. | શ્રી સિરિલ રામાફોસા તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે...તેમના પક્ષનું નામ શું છે ?<br>(A) આફ્રિકન નેશનલ કોંગ્રેસ (B) ડેમોક્રેટિક અલાયન્સ<br>(C) આફ્રિકન નેશનલ અલાયન્સ (D) આફ્રિકન ડેમોક્રેટિક અલાયન્સ | (A) |
| 6. | શ્રી સિરિલ રામાફોસા તાજેતરમાં તેમના સૌથી નજીકના કયા હરિફ ઉમેદવારને પરાજય આપીને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે ?<br>(A) શ્રી થાબો મ્બેકી (B) શ્રી જેકબ ઝુમા (C) શ્રી મુમુસી મૈમેન (D) શ્રી જુડોડો ઝુમા | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 28 MAY, 2019 TUESDAY

### ➤ નાસા 2024માં અવકાશયાત્રીઓ સહિત ARTEMIS મિશન ચંદ્ર પર લોન્ચ કરશે

અમેરિકન અવકાશ સંસ્થા નાસા દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર અમેરિકા વર્ષ 2024માં ચંદ્ર પર ARTEMIS (આર્ટેમિસ) નામનું મિશન લોન્ચ કરશે.

- આ મિશન અંતર્ગત અમેરિકા 2024માં અવકાશયાત્રીઓને ચંદ્ર પર મોકલશે. આ અવકાશયાત્રીઓમાં મહિલાઓનો સમાવેશ પણ કરવામાં આવશે.

#### ARTEMIS મિશન

નાસાના ARTEMIS મિશનનું પૂરું નામ "Acceleration, Reconnection, Turbulence and Electrodynamics of the Moon's Interaction with the Sun" છે.

- આર્ટેમિસ (ARTEMIS) મિશન અંતર્ગત નાસા દ્વારા કુલ 8 મિશન લોન્ચ કરવાની યોજના બનાવવામાં આવી છે.
- જેમાં નાસા દ્વારા 2020માં ચંદ્ર પર આર્ટેમિસ-1 લોન્ચ કરવામાં આવશે. તેમાં અવકાશયાત્રી નહિ હોય.
- ત્યારબાદ 2022માં આર્ટેમિસ-2 લોન્ચ કરવામાં આવશે. જે ક્રૂ (અવકાશયાનના કર્મચારી) સાથે ચંદ્રની પરિક્રમા કરશે.

- વર્ષ 2024માં આર્ટેમિસ-3 લોન્ચ કરવામાં આવશે. આ મિશન દ્વારા અવકાશયાત્રીઓને ચંદ્ર પર લઈ જવામાં આવશે.
- નાસા દ્વારા આ ત્રણેય મિશન સૌથી મોટા રોકેટ સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS) દ્વારા લોન્ચ કરવામાં આવશે.

## Apollo 11

સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વખત ચંદ્ર પર સમાનવ ઉતરાણ કરનાર અભિયાનનું નામ અપોલો 11 છે.

- અમેરિકા દ્વારા લોન્ચ કરવામાં આવેલા આ અભિયાન અંતર્ગત 21 જુલાઈ, 1969ના રોજ શ્રી નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્રની ધરતી પર પગ મૂકનાર પ્રથમ વ્યક્તિ બની ગયા હતા.
- શ્રી નીલ આર્મસ્ટ્રોંગ બાદ શ્રી બઝ એલ્ડ્રીને ચંદ્રની ધરતી પર પગ મૂક્યો હતો.
- આ અભિયાનમાં શામેલ ત્રીજા વ્યક્તિ શ્રી માઈકલ કોલિન્સ હતા.
- અમેરિકાના કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી 16 જુલાઈ, 1969ના રોજ Saturn V SA-506 નામના રોકેટ દ્વારા આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

નોંધ : (1) 'અપોલો' બાદ અમેરિકા દ્વારા 2024માં ચંદ્ર પર લોન્ચ કરવામાં આવનાર સમાનવ મિશનનું નામ 'આર્ટેમિસ' છે.
(2) પૌરાણિક ગ્રીક કથાઓ અનુસાર 'આર્ટેમિસ' 'અપોલો'ની જુડવા બહેન હતી.

## NASA

નાસા એ વિશ્વની અગ્રણી અવકાશ સંસ્થા છે.

- તે અમેરિકી સરકારની સ્વતંત્ર અવકાશ એજન્સી છે.
- NASAનું પૂરું નામ 'National Aeronautics And Space Administration છે.
- 29 જુલાઈ, 1958ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે આવેલું છે.
- નાસાનું ધ્યેય વાક્ય 'For the Benefit of All' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ક્રૂડ ઓઈલની આયાત અંગે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ રિપોર્ટ સોંપ્યો



તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ક્રૂડ ઓઈલની આયાત પર ભારતની નિર્ભરતા ઓછી કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી.


- આ સમિતિના સભ્યોમાં ડો. અનિલ કાકોદકર અને શ્રી સિદ્ધાર્થ પ્રધાનનો સમાવેશ થાય છે.
- આ સમિતિએ કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયને પોતાનો રિપોર્ટ સોંપી દીધો છે.
- આ રિપોર્ટમાં ક્રૂડ ઓઈલ તથા ગેસની આયાત પરની નિર્ભરતા ઓછી કરવા માટે ટૂંકાગાળાની, મધ્યમ સમયની અને લાંબાગાળાની રણનીતિઓના ઉપાય દર્શાવવામાં આવ્યા છે.
- હવે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય આ ભલામણો અંગે વિચારણા કરશે.

## ➤ ભારતના શ્રી શૈલેષ તિનૈકરની દક્ષિણ સુદાનમાં સંયુક્ત રાષ્ટ્ર મિશનના કમાન્ડર તરીકે નિમણૂક



ભારતના લેફ્ટેનન્ટ જનરલ શૈલેષ તિનૈકરને દક્ષિણ સુદાનમાં સંયુક્ત રાષ્ટ્ર મિશનના કમાન્ડર નિયુક્ત કરવામાં આવ્યા છે.

- આ મિશનને UNMISS એટલે કે United Nations Mission In South Sudan તરીકે પણ ઓળખવામાં આવે છે.
- UNMISS માટે સૈનિકો મોકલનારો ભારત રવાંડા બાદ બીજા નંબરનો સૌથી મોટો દેશ છે.
- લેફ્ટેનન્ટ જનરલ શૈલેષ તિનૈકર છેલ્લા 34 વર્ષથી ભારતની સેના સાથે જોડાયેલા છે.
- ભારતીય સેનામાં તેમની સેવા માટે તેમને સેના મેડલ તથા વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં નાસા દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર અમેરિકા અવકાશયાત્રીઓને કયા વર્ષે ચંદ્ર પર લઈ જશે ?<br>(A) 2020 (B) 2022 (C) 2024 (D) 2026 | (C) |
| 2. | નાસા દ્વારા વર્ષ 2024માં ચંદ્ર પર કયું સમાનવ મિશન લોન્ચ કરવામાં આવશે ?<br>(A) એમિસેટ અથવા એમિસેટ-3 (B) આર્ટિસેટ અથવા આર્ટિસેટ-3<br>(C) આર્ટેમિસ અથવા આર્ટેમિસ-3 (D) આર્સેમિસ અથવા આર્સેમિસ-3 | (C) |
| 3. | નાસા દ્વારા કયા રોકેટની મદદથી ચંદ્ર પર 'આર્ટેમિસ' મિશન લોન્ચ કરવામાં આવશે ?<br>(A) રોકસ્ટાર (B) અપોલો (C) રોક સ્ટાર સિસ્ટમ (D) સ્પેસ લોન્ચ સિસ્ટમ | (D) |
| 4. | તાજેતરમાં ભારતમાં ક્રૂડ ઓઈલની આયાત પરની ભારતની નિર્ભરતા ઓછી કરવા માટે રચાયેલી કયા સભ્યોની સમિતિએ પોતાનો રિપોર્ટ કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયને સોંપ્યો છે ?<br>(A) ડો. અનિલ કાકોદકર અને શ્રી સિદ્ધાર્થ ત્રિવેદી (B) ડો. અનિલ કાકોદકર અને શ્રી સિદ્ધાર્થ પ્રધાન<br>(C) ડો. અનિલ કાકોદકર અને શ્રી સિદ્ધાર્થ આચાર્ય (D) ડો. અનિલ કાકોદકર અને શ્રી સિદ્ધાર્થ વર્મા | (B) |
| 5. | ભારતના લેફ્ટેનન્ટ જનરલ શૈલેષ તિનૈકરને કયા દેશમાં સંયુક્ત રાષ્ટ્ર મિશનના કમાન્ડર નિયુક્ત કરવામાં આવ્યા છે ?<br>(A) સુદાન (B) ઉત્તર સુદાન (C) ઓંગોલ (D) દક્ષિણ સુદાન | (D) |
| 6. | UNMISS એટલે કે United Nations Mission in South Sudanના કમાન્ડર તરીકે તાજેતરમાં ભારતના કયા ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી શૈલેષ તિનૈકર (B) શ્રી શૈલેષ દિનકર (C) શ્રી શૈલેષ તિરુપલ (D) શ્રી શૈલેષ તિરૈનર | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 29 MAY, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 29 મે, યુનાઇટેડ નેશન્સ શાંતિરક્ષક દિવસ

### ➤ આકાશ મિસાઈલની નવી આવૃત્તિનું DRDO દ્વારા સફળ પરીક્ષણ

તાજેતરમાં 25 અને 27 મે 2019ના રોજ DRDO દ્વારા આકાશ મિસાઈલની નવી આવૃત્તિ AKASH-MK-1Sનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં ઓડિશાના બાલાસોર ખાતેથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

**આકાશ મિસાઈલની વિશેષતા**

- આકાશ ભારતની ઓછા અંતરની જમીનથી હવામાં પ્રહાર કરતી સ્વદેશી મિસાઈલ છે.
- 25 કિલોમીટરની રેન્જ ધરાવતી આ મિસાઈલ કોઈપણ ઋતુ કે વાતાવરણમાં પોતાના લક્ષ્યને સચોટ રીતે ભેદવાની ક્ષમતા ધરાવે છે.

- આ મિસાઈલ યુદ્ધ વિમાન, ક્રૂઝ મિસાઈલ તથા બેલેસ્ટિક મિસાઈલને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે.
- ભારત ડાયનામિક્સ લિમિટેડ (BDL) દ્વારા તેનું નિર્માણ કરવામાં આવે છે.

**નોંધ :** (1) DRDO દ્વારા ઈન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.

(2) ભારતમાં ઈન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનો પ્રારંભ 1984થી થયો હતો.

(3) DRDOનું પૂરું નામ Defence Research and Development Organization છે.



## ICE Questions

1. 'યુનાઈટેડ નેશન્સ શાંતિરક્ષક દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે **(D)**

2. તાજેતરમાં મે 2019 દરમિયાન DRDO દ્વારા આકાશ મિસાઈલની નવી આવૃત્તિનું ક્યાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ (B) પોખરણ, રાજસ્થાન
(C) બાલાસોર, ઓડિશા (D) વિશાખાપટ્ટનમ, કેરળ **(C)**

3. તાજેતરમાં મે 2019 દરમિયાન DRDO દ્વારા ઓડિશાના બાલાસોર ખાતેથી આકાશ મિસાઈલની કઈ નવી આવૃત્તિનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) આકાશ-MK-1A (B) આકાશ-MK-1B (C) આકાશ-MK-1C (D) આકાશ-MK-1S **(D)**

4. આકાશ મિસાઈલના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) તે જમીનથી હવામાં પ્રહાર કરતી ભારતની સ્વદેશી મિસાઈલ છે.
(B) ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL) દ્વારા તેનું નિર્માણ કરવામાં આવે છે.
(C) તેની પ્રહાર ક્ષમતા 125 કિલોમીટર સુધીની છે.
(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. **(C)**

**30 MAY, 2019 THURSDAY**

## ➤ IMD World Competitiveness Ranking 2019


International Institute for Management Development (IMD)ના World Competitiveness Center દ્વારા તાજેતરમાં IMD World Competitiveness Ranking 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ રેન્કિંગમાં કુલ 63 દેશોમાં ભારત 43મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં ભારત 44મા ક્રમે હતું.
- જ્યારે વર્ષ 2017માં આ રેન્કિંગમાં ભારત 45મા અને 2016માં 41મા ક્રમે હતું.
- વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં સિંગાપોર પ્રથમ ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં સિંગાપોર અમેરિકા અને હોંગકોંગ બાદ ત્રીજા ક્રમે હતું.
- વર્ષ 2019ના આ રેન્કિંગમાં સિંગાપોર બાદ હોંગકોંગ બીજા અને અમેરિકા ત્રીજા ક્રમે છે.
- જ્યારે આ રેન્કિંગમાં વેનેઝુએલા અંતિમ 63મા ક્રમે છે.

**IMD World Competitiveness Ranking 2019**

| Rank | Country |
|---|---|
| 1 | સિંગાપોર |
| 2 | હોંગકોંગ |
| 3 | અમેરિકા |
| 4 | સ્વિત્ઝર્લેન્ડ |
| 14 | ચીન |
| 26 | સાઉદી અરેબિયા |
| 43 | ભારત |
| 63 | વેનેઝુએલા |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



**નોંધ :** (1) તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્ષ 2019ના આ રેન્કિંગમાં વર્ષ 2018ની તુલનાએ રેન્કિંગમાં સૌથી વધુ સુધારો સાઉદી અરેબિયાના રેન્કિંગમાં થયો છે.

(2) વર્ષ 2018ના આ રેન્કિંગમાં સાઉદી અરેબિયાનો ક્રમ 39મો હતો. જ્યારે વર્ષ 2019માં તેનો ક્રમ 26મો છે.

(3) આ રેન્કિંગમાં GDP દર તથા બેરોજગારી દર જેવા દરો, સ્વાસ્થ્ય અને શિક્ષણ પર સરકારનો ખર્ચ, ભ્રષ્ટાચાર, વૈશ્વિકીકરણ વગેરે જેવા 235 જેટલા સૂચકાંકોને આધારે આ રેન્ક તૈયાર કરવામાં આવે છે.

(4) આ રેન્કિંગનો પ્રારંભ 1989થી થયો હતો.







## ICE ? Questions

1. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા IMD World Competitiveness Ranking 2019 અનુસાર કુલ 63 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
   (A) 26 (B) 40 (C) 43 (D) 51 — **(C)**

2. IMD World Competitiveness Ranking 2018માં ભારત કયા ક્રમે હતું ?
   (A) 41 (B) 42 (C) 43 (D) 44 — **(D)**

3. IMD World Competitiveness Ranking 2019માં અમેરિકાને પાછળ રાખીને કયો દેશ 2010 બાદ પ્રથમ ક્રમે આવી ગયો છે ?
   (A) હોંગકોંગ (B) સિંગાપોર (C) સ્વિત્ઝર્લેન્ડ (D) સ્વીડન — **(B)**

4. નીચેનામાંથી કયા વર્લ્ડ કોમ્પીટિટિવનેસ સેન્ટર દ્વારા World Competitiveness Ranking પ્રસિદ્ધ કરવામાં આવે છે ?
   (A) IMD (B) IIM (C) ISD (D) ISN — **(A)**

5. IMD World Competitiveness Ranking 2019માં અંતિમ 63મા ક્રમે કયો દેશ છે ?
   (A) સાઉદી અરેબિયા (B) વેનેઝુએલા (C) ઝિમ્બાબ્વે (D) ઝામ્બિયા — **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 31 MAY, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિન (World No Tobacco Day)




સમગ્ર વિશ્વમાં 31 મેના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો હેતુ સમગ્ર વિશ્વમાં 24 કલાક માટે તમાકુના તમામ સ્વરૂપોના ઉપયોગનો ત્યાગ કરવા લોકોને પ્રોત્સાહિત કરવાનો છે.
- આ દિવસની ઉજવણીનો હેતુ તમાકુના ઉપયોગની નકારાત્મક સ્વાસ્થ્ય અસરો અંગે જાગૃતિ કેળવવાનો પણ છે.
- WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન)ના સભ્ય દેશો દ્વારા 1987માં 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની રચના કરવામાં આવી હતી.
- વર્ષ 2018ની વર્લ્ડ નો ટોબેકો ડેની થીમ **"ટોબેકો બ્રેક્સ હર્ટ્સ : યૂઝ હેલ્થ, નોટ ટોબેકો"** હતી.
- જ્યારે વર્ષ 2019ની વર્લ્ડ નો ટોબેકો ડેની થીમ **'Tobacco and Lung Health' (તમાકુ અને ફેફસાનું આરોગ્ય)** છે.

**નોંધ :** 31 મે 'વિશ્વ તમાકુ નિષેધ દિન' તરીકે ઉજવાય છે. જ્યારે 26 જૂન 'વિશ્વ માદક પદાર્થ વિરોધ દિન તરીકે ઉજવાય છે.

## ➤ વર્ષ 2018-19માં ભારતનો GDP વૃદ્ધિ દર 6.8 ટકા

CSOના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ 2018-19ના **ચોથા ત્રિમાસિક ગાળા**માં એટલે કે **જાન્યુઆરીથી માર્ચ 2019** દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 5.8 ટકા રહ્યો છે.

- આથી સમગ્ર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 6.8 ટકા રહ્યો છે.
- જે નાણાકીય વર્ષ 2014-15 પછીનો ભારતનો સૌથી ઓછો GDP વૃદ્ધિ દર છે.
- આ અગાઉ નાણાકીય વર્ષ 2017-18માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.2 ટકા હતો.

**2018-19માં ભારતનો GDP વૃદ્ધિ દર**

| ક્વાર્ટર | સમયગાળો | GDP વૃદ્ધિ દર |
|---|---|---|
| પ્રથમ | એપ્રિલથી જૂન 2018 | 8.0 ટકા |
| બીજું | જુલાઈથી સપ્ટેમ્બર 2018 | 7.0 ટકા |
| ત્રીજું | ઓક્ટોબરથી ડિસેમ્બર 2018 | 6.6 ટકા |
| ચોથું | જાન્યુઆરીથી માર્ચ 2019 | 5.8 ટકા |
| | કુલ | 6.8 ટકા |

**નોંધ :** (1) CSOના પ્રારંભિક અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર અથવા તો ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર અથવા તો વર્ષ 2011-12ના સ્થિર ભાવે (Constant Prices) ભારતનો GDP વૃદ્ધિ દર 6.8 ટકા છે.

(2) જ્યારે CSOના પ્રારંભિક અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ચાલુ ભાવે (Current Prices) ભારતનો GDP વૃદ્ધિ દર 11.2 ટકા છે. જે આ અગાઉ નાણાકીય વર્ષ 2017-18 દરમિયાન 11.3 ટકા હતો.

(3) GDPનું પૂરું નામ Gross Domestic Product (કુલ ઘરેલુ ઉત્પાદન) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### CSO

CSOનું પૂરું નામ Central Statistics Office છે.

- આ સંસ્થા ભારતમાં આંકડાકીય પ્રવૃત્તિઓનું સંકલન અને ભારતમાં આંકડાકીય માહિતીની જાળવણી કરે છે.
- તથા તે આંકડાકીય ધોરણો વિકસાવવાનું પણ કાર્ય કરે છે.
- CSOનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તે ભારત સરકારના Ministry of Statistics and Programme Implementation (**આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય**) અંતર્ગત કાર્ય કરે છે.

## ➤ ચાર રાજ્યોમાં નવા મુખ્યમંત્રીશ્રીના શપથ

ભારતમાં તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીની સાથે જ ભારતના ચાર રાજ્યો આંધ્રપ્રદેશ, ઓડિશા, અરૂણાચલ પ્રદેશ અને સિક્કિમમાં વિધાનસભા ચૂંટણીનું પણ આયોજન થયું હતું.

- આ ચાર રાજ્યોમાં રચાયેલી નવી સરકાર વિશેની માહિતી નીચે પ્રમાણે છે.

### આંધ્રપ્રદેશ



આંધ્રપ્રદેશમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં આંધ્રપ્રદેશના સત્તાધારી મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુનો પરાજય થયો છે.

- આંધ્રપ્રદેશની 175 બેઠકોમાંથી શ્રી ચંદ્રાબાબુ નાયડુના પક્ષ તેલુગુ દેશમ પાર્ટીને 23 બેઠકો મળી છે.
- જ્યારે તેમના હરિફ ઉમેદવાર અને યુવાજન શ્રમિક રાયતુ (YRS કોંગ્રેસ) પાર્ટીના વડા શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડીનો 151 બેઠકો પર વિજય થયો છે.
- આથી, શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડી આંધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- આંધ્રપ્રદેશના રાજ્યપાલ શ્રી ઈ.એસ. લક્ષ્મી નરસિમ્હને તેમને આંધ્રપ્રદેશના 17મા મુખ્યમંત્રી તરીકે શપથ અપાવ્યા છે. (જોકે, અલગ તેલંગણા રાજ્યની રચના બાદ નવા રચાયેલા આંધ્રપ્રદેશના તેઓ બીજા મુખ્યમંત્રી છે.)

**નોંધ :** (1) શ્રી જગનમોહન રેડ્ડી આંધ્રપ્રદેશના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી વાય.એસ. રાજશેખર રેડ્ડીના પુત્ર છે. જેમનું વર્ષ 2009માં હેલિકોપ્ટર દુર્ઘટનામાં નિધન થયું હતું.
(2) શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડીનું પૂરું નામ શ્રી યેદુગૂરી સંદિન્તિ જગનમોહન રેડ્ડી છે.
(3) આંધ્રપ્રદેશ વિધાનસભાની કુલ સભ્ય સંખ્યા 175+1 = 176 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઓડિશા



ઓડિશામાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ઓડિશાના સત્તાધારી મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયક સતત પાંચમી વખત ઓડિશાના મુખ્યમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- જેમાં ઓડિશાની કુલ 147 વિધાનસભા બેઠકોમાંથી શ્રી નવીન પટનાયકના પક્ષ બીજૂ જનતા દળને 112 બેઠકો મળી છે.
- જ્યારે ઓડિશામાં બીજા ક્રમે રહેલી ભારતીય જનતા પાર્ટીને 23 બેઠકો મળી છે.
- ઓડિશાના રાજ્યપાલ શ્રી ગણેશી લાલે શ્રી નવીન પટનાયકને ઓડિશાના મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે.
- શ્રી નવીન પટનાયક કુલ પાંચમી વખત ઓડિશાના મુખ્યમંત્રી બન્યા છે.
- તેઓ 5 માર્ચ, 2000થી ઓડિશાના મુખ્યમંત્રી છે.

## અરૂણાચલ પ્રદેશ



**અરૂણાચલ પ્રદેશ**માં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં **ભારતીય જનતા પાર્ટી**ને અરૂણાચલ પ્રદેશમાં સૌપ્રથમ વખત બહુમતી મળી છે.

- અરૂણાચલ પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સ્પષ્ટ બહુમતી વાળી સરકારના પ્રથમ મુખ્યમંત્રી તરીકે **શ્રી પેમા ખાંડુ** એ શપથ લીધા છે.
- શ્રી પેમા ખાંડુને અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ **ડો. બી.ડી. મિશ્રા** એ આ શપથ અપાવ્યા છે.
- શ્રી પેમા ખાંડુ 17 જુલાઈ 2016થી અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી છે.
- સૌપ્રથમ તેઓ **ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ** પક્ષમાંથી મુખ્યમંત્રી હતા. ત્યારબાદ તેઓ **પીપલ્સ પાર્ટી ઓફ અરૂણાચલ પ્રદેશ** પાર્ટીના અને પછીથી **ભારતીય જનતા પાર્ટી**ની સરકારના મુખ્યમંત્રી બન્યા છે.

**નોંધ :** અરૂણાચલ પ્રદેશમાં કુલ 60 વિધાનસભા બેઠકો આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સિક્કિમ



**સિક્કિમ**માં તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં સિક્કિમના સત્તાધારી મુખ્યમંત્રી **શ્રી પવનકુમાર ચામલિંગ**નો પરાજય થયો છે.

- શ્રી પવનકુમાર ચામલિંગ 12 ડિસેમ્બર, 1994થી સિક્કિમના મુખ્યમંત્રી હતા. અને **ભારતમાં સૌથી લાંબો સમય શાસન કરનાર મુખ્યમંત્રી** તરીકેનો રેકોર્ડ તેમના નામે છે. તેમના પક્ષનું નામ **'સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ'** છે.
- શ્રી પવનકુમાર ચામલિંગને પરાજય આપીને **શ્રી પ્રેમસિંહ તમાંગે** સિક્કિમના **છઠ્ઠા મુખ્યમંત્રી** તરીકે શપથ લીધા છે.
- સિક્કિમના રાજ્યપાલ **શ્રી ગંગા પ્રસાદે** શ્રી પ્રેમસિંહ તમાંગને મુખ્યમંત્રી પદના શપથ અપાવ્યા છે.

**નોંધ :** (1) શ્રી પ્રેમસિંહ તમાંગના પક્ષનું નામ 'સિક્કિમ ક્રાંતિકારી મોર્ચા' છે.

(2) સિક્કિમમાં કુલ 32 વિધાનસભા બેઠકો આવેલી છે.

## ચાર રાજ્યોમાં નવા મુખ્યમંત્રી

| ક્રમ | રાજ્ય | નવા મુખ્યમંત્રી | વિશેષતા | પક્ષ | રાજ્યની કુલ વિધાનસભા બેઠકો |
|---|---|---|---|---|---|
| 1. | આંધ્રપ્રદેશ | શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડી | 17મા (અથવા બીજા) મુખ્યમંત્રી | YRS કોંગ્રેસ | 175+1 = 176 |
| 2. | ઓડિશા | શ્રી નવીન પટનાયક | પાંચમી વખત મુખ્યમંત્રી | બીજૂ જનતા દળ | 147 |
| 3. | અરૂણાચલ પ્રદેશ | શ્રી પેમા ખાંડુ | ભાજપની બહુમતીવાળી સરકારના પ્રથમ મુખ્યમંત્રી | ભાજપ | 60 |
| 4. | સિક્કિમ | શ્રી પ્રેમસિંહ તમાંગ | છઠ્ઠા મુખ્યમંત્રી | સિક્કિમ ક્રાંતિકારી મોર્ચા | 32 |

### શપથવિધિ

શપથવિધિ દરમિયાન **રાજ્યપાલ** મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના **ત્રીજા પરિશિષ્ઠ** અનુસાર **હોદ્દો અને ગુપ્તતા**ના શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 164(3)** મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.
- આ શપથ **'ઈશ્વર'**ના નામે લેવામાં આવે છે.

**નોંધ :** (1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ **15 ટકા** મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે.

(2) ભારતીય બંધારણના **અનુચ્છેદ-163** અનુસાર રાજ્યને મદદ કરવા તથા સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(3) ભારતીય બંધારણના **અનુચ્છેદ-164** અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણમાં નાયબ મુખ્યમંત્રી પદની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. માત્ર વહીવટી સરળતા માટે જ રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીનું પદ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. 'વિશ્વ તમાકુ નિષેધ દિન' અથવા તો 'World No Tobacco Day'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 30 મે (B) 31 મે (C) 1 જૂન (D) 2 જૂન **(B)**

2. વર્ષ 2019ના 'વર્લ્ડ નો ટોબેકો ડે'ની થીમ શું છે ?
(A) Tobacco kills, don't be duped
(B) Tobacco : a threat to development
(C) Tobacco and Lung Health
(D) Tobacco : deadly in any form or disguise **(C)**

3. 'વિશ્વ માદક પદાર્થ વિરોધ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 31 મે (B) 30 જૂન (C) 26 મે (D) 26 જૂન **(D)**

4. નાણાકીય વર્ષ 2018-19ના ચોથા ક્વાર્ટરમાં જાન્યુઆરીથી માર્ચ, 2019 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહ્યો છે ?
(A) 5.8 (B) 6.8 (C) 7.2 (D) 7.8 **(A)**

5. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) CSOના પ્રારંભિક અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 6.8 ટકા છે.
(B) CSOના પ્રારંભિક અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર 6.8 ટકા છે.
(C) CSOના પ્રારંભિક અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો વર્ષ 2011-12ના સ્થિર ભાવે GDP વૃદ્ધિ દર 6.8 ટકા છે.
(D) CSOના પ્રારંભિક અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ચાલુ ભાવે ભારતનો GDP વૃદ્ધિ દર 11.3 ટકા છે. **(D)**

6. ભારતમાં તાજેતરમાં લોકસભાની ચૂંટણી સાથે કુલ કેટલા રાજ્યોની વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું ?
(A) 3 (B) 4 (C) 5 (D) 6 **(B)**

7. ભારતમાં લોકસભાની ચૂંટણીની સાથે નીચેનામાંથી કયા રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ ન હતી ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) ઓડિશા (C) ત્રિપુરા (D) આંધ્રપ્રદેશ **(C)**

8. રાજ્ય અને વિધાનસભાની કુલ બેઠકોની જોડીમાં નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?
(A) આંધ્રપ્રદેશ - 175 + 1 = 176 (B) ઓડિશા - 147
(C) અરૂણાચલ પ્રદેશ - 60 (D) સિક્કિમ - 30 **(D)**

9. રાજ્ય અને નવા મુખ્યમંત્રીશ્રીની નીચેની જોડીમાંથી કઈ જોડ સાચી નથી ?
(A) આંધ્રપ્રદેશ – શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડી (B) ઓડિશા – શ્રી બીજૂ પટનાયક
(C) અરૂણાચલ પ્રદેશ – શ્રી પેમા ખાંડુ (D) સિક્કિમ – શ્રી પ્રેમસિંહ તમાંગ **(B)**

10. નીચે આપેલા વિધાનોના સંદર્ભમાં સાચો વિકલ્પ પસંદ કરો.
(1) શ્રી નવીન પટનાયક તાજેતરમાં સતત પાંચમી વખત અને કુલ સાતમી વખત ઓડિશાના મુખ્યમંત્રી બન્યા છે.
(2) શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડી આંધ્રપ્રદેશના 16મા મુખ્યમંત્રી બન્યા છે.
(A) વિધાન (1) સાચું છે, વિધાન (2) ખોટું છે. (B) વિધાન (1) ખોટું છે, વિધાન (2) સાચું છે.
(C) વિધાન (1) અને વિધાન (2) બંને સાચા છે. (D) વિધાન (1) અને વિધાન (2) બંને ખોટા છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 1 JUNE, 2019 SATURDAY

### ➢ શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભારતના વડાપ્રધાન તરીકે સતત બીજીવાર શપથ

ભારતમાં તાજેતરમાં 17મી લોકસભા માટે યોજાયેલી ચૂંટણીમાં મળેલા પ્રચંડ વિજય બાદ 30 મે, 2019ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના વડાપ્રધાન તરીકે સતત બીજીવાર શપથ લીધા છે.

- આ માટેનો શપથવિધિ સમારોહ નવી દિલ્હી ખાતે આવેલા રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં યોજાયો હતો.

#### સૌથી મોટો શપથવિધિ સમારોહ

આ શપથવિધિ સમારોહમાં સૌથી વધુ 8,000 જેટલા મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

- ભારતના વડાપ્રધાનશ્રીના શપથવિધિ સમારોહમાં ભારતના ઈતિહાસમાં આ અગાઉ ક્યારેય આટલા બધા મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું નથી.
- આ અગાઉ વર્ષ 2014ના શપથવિધિ સમારોહમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાર્ક (South Asian Association for Regional Cooperation-SAARC) દેશોના વડાઓને આમંત્રણ આપ્યું હતું.
- જ્યારે તાજેતરમાં યોજાયેલા શપથવિધિ સમારોહમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિમસ્ટેકના વડાઓને આમંત્રણ આપ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## બિમસ્ટેક (BIMSTEC) શું છે ?

બિમ્સ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.

- બિમ્સ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેક્નીકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે 6 જૂન, 1997ના રોજ 'બેંગકોક ઘોષણાપત્ર' અંતર્ગત બિમ્સ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- બિમ્સ્ટેકમાં કુલ સાત સભ્ય દેશો છે.
- તેના સાત સભ્ય દેશોમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.
- BIMSTECનું પૂરું નામ 'Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation' છે.
- બિમ્સ્ટેકના સભ્ય દેશોની કુલ વસતી 1.5 અબજ છે. જે વિશ્વની વસતીના 21 ટકા છે.

## 24+9+24 = કુલ 57 મંત્રીશ્રીઓ સાથે વડાપ્રધાનશ્રીના શપથ

30 મે 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત અન્ય 57 મંત્રીશ્રીઓને હોદ્દો અને ગુપ્તતાના શપથ અપાવ્યા હતા.

- આ 57 મંત્રીશ્રીઓમાં કેબિનેટ કક્ષાના 24, રાજ્ય કક્ષાનો સ્વતંત્ર હવાલો ધરાવતા 9 અને રાજ્ય કક્ષાના 24 મંત્રીશ્રીઓનો સમાવેશ થાય છે.

## સૌથી વધુ ઉત્તરપ્રદેશના 9 મંત્રીશ્રીઓ

આ મંત્રીપરિષદમાં વડાપ્રધાન સહિત સૌથી વધુ ઉત્તરપ્રદેશના કુલ 9 મંત્રીશ્રીઓનો સમાવેશ થયો છે.

- જ્યારે ઉત્તરપ્રદેશ બાદ બીજા ક્રમે મહારાષ્ટ્રના 8 અને ત્રીજા ક્રમે બિહારના કુલ 6 મંત્રીશ્રીઓનો સમાવેશ થયો છે.
- આ ઉપરાંત, આ મંત્રીપરિષદમાં ગુજરાતમાંથી ચૂંટાયેલા ત્રણ મહાનુભાવોનો સમાવેશ થયો છે.



## શ્રી અમિતશાહ ગુજરાતના બીજા પૂર્ણકાલીન ગૃહપ્રધાન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રી મંડળમાં **શ્રી અમિત શાહ**ને **કેબિનેટ કક્ષાના ગૃહ મંત્રી** બનાવવામાં આવ્યા છે.

- ભારતના વડાપ્રધાન અને ગૃહમંત્રી બંને ગુજરાતી હોય એવો આ પ્રથમ બનાવ છે.
- શ્રી અમિત શાહ જેમનો ગુજરાતમાં જન્મ થયો હોય એવા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ બાદ ભારતના **બીજા પૂર્ણકાલીન ગૃહમંત્રી** હોવાનું કહેવાય છે.
- આ ઉપરાંત ગુજરાતમાંથી ચૂંટાયેલા કે ગુજરાતી મૂળ ધરાવતા ભારતના ગૃહમંત્રીશ્રીઓની યાદીમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી ગુલઝારીલાલ નંદા, શ્રી મોરારજી દેસાઈ, શ્રી એચ. એમ. પટેલ અને શ્રી એલ. કે. અડવાણી બાદ શ્રી અમિત શાહ લગભગ **છઠ્ઠા** ક્રમે છે.

## ભારતના પ્રથમ મહિલા નાણામંત્રી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રીમંડળમાં શ્રીમતી નિર્મલા સીતારામનને ભારતના **કેબિનેટ કક્ષાના નાણા અને કોર્પોરેટ બાબતો**ના મંત્રી બનાવવામાં આવ્યા છે.

- આ સાથે જ શ્રીમતી નિર્મલા સીતારામન **ભારતના પ્રથમ મહિલા નાણામંત્રી** બની ગયા છે.
- આ અગાઉ તેઓ શ્રીમતી ઈન્દિરા ગાંધી બાદ ભારતના **બીજા મહિલા સંરક્ષણ મંત્રી** બન્યા હતા.
- શ્રીમતી નિર્મલા સીતારામન **કર્ણાટકમાંથી રાજ્યસભાના સાંસદ** છે.
- તેમનો જન્મ **તમિલનાડુ**ના **મદુરાઈ**માં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## ભારતના વિદેશ મંત્રી બનનાર પ્રથમ વિદેશ સચિવ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રીમંડળમાં **શ્રી એસ. જયશંકર**ને ભારતના **કેબિનેટ કક્ષાના વિદેશ મંત્રી** બનાવવામાં આવ્યા છે.

- શ્રી એસ. જયશંકર વિદેશ મંત્રી બનનાર **ભારતના પ્રથમ વિદેશ સચિવ** હોવાનું કહેવાય છે.
- ભારતમાં **સૌથી વધુ લાંબો સમય વિદેશ સચિવ** તરીકે સેવા આપવાનો રેકોર્ડ પણ તેમના નામે છે.
- શ્રી એસ. જયશંકર **અમેરિકા**, **ચીન** અને **ચેક રિપબ્લિક**માં ભારતના રાજદૂત પણ રહ્યા છે.
- **ભારત અમેરિકા ન્યુક્લીયર ડીલ**માં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી એસ. જયશંકર **1977**ની બેચના **IFS ઓફિસર** છે.
- **નવી દિલ્હી** ખાતે જન્મેલા શ્રી એસ. જયશંકરનું પૂરું નામ **શ્રી સુબ્રમણ્યમ જયશંકર** છે.
- શ્રી એસ. જયશંકર હાલ કોઈપણ ગૃહના સભ્ય નથી. આથી તેમણે **6** મહિનામાં લોકસભા કે રાજ્યસભામાંથી ચૂંટાવવું પડશે.

## મંત્રીપરિષદમાં 6 મહિલાઓનો સમાવેશ

તાજેતરમાં રચાયેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રીપરિષદમાં કુલ <u>6 મહિલાઓ</u>નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ 6 મહિલાઓમાંથી <u>શ્રીમતી નિર્મલા સીતારામન</u>, <u>શ્રીમતી હરસિમરત કૌર બાદલ</u> અને <u>શ્રીમતી સ્મૃતિ ઈરાની</u>નો કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે સમાવેશ થયો છે.
- જ્યારે <u>શ્રીમતી રેણુકા સિંહ</u>, <u>સાધ્વી નિરંજન જ્યોતિ</u> અને <u>સુશ્રી દેબશ્રી ચૌધરી</u>નો સમાવેશ <u>રાજ્ય કક્ષાના મંત્રી</u> તરીકે થયો છે.




## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારની નવી મંત્રીપરિષદ

### વડાપ્રધાન

**શ્રી નરેન્દ્રભાઈ મોદી :** વ્યક્તિગત મંત્રાલય, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય, અવકાશ વિભાગ, પરમાણુ ઊર્જા વિભાગ તથા તમામ નીતિવિષયક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ અને અન્ય મંત્રીશ્રીઓને ન ફાળવાયેલાં તમામ ખાતા

### કેબિનેટ મંત્રીશ્રીઓ

| | | |
|---|---|---|
| 1. | શ્રી રાજનાથસિંહ | સંરક્ષણ મંત્રાલય |
| 2. | શ્રી અમિત શાહ | ગૃહ મંત્રાલય |
| 3. | ડો. સુબ્રમણ્યમ જયશંકર | વિદેશ મંત્રાલય |
| 4. | શ્રીમતી નિર્મલા સીતારામન | નાણાં અને કોર્પોરેટ બાબતો |
| 5. | શ્રી ધર્મેન્દ્ર પ્રધાન | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, સ્ટીલ |
| 6. | શ્રી નીતિન ગડકરી | માર્ગ વાહન વ્યવહાર અને હાઈવે; માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (MSME) મંત્રાલય |
| 7. | શ્રી ડી. વી. સદાનંદ ગૌડા | રસાયણ અને ખાતર |
| 8. | શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત | જળ શક્તિ મંત્રાલય |
| 9. | શ્રી રવિશંકર પ્રસાદ | કોમ્યુનિકેશન્સ; ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, કાયદો અને ન્યાય |
| 10. | શ્રી અરવિંદ ગણપત સાવંત | ભારે ઉદ્યોગો અને જાહેર સાહસો |
| 11. | શ્રીમતી હરસિમરત કૌર બાદલ | ખાદ્ય ઉત્પાદન (ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ) |
| 12. | શ્રી પ્રહલાદ જોશી | કોલસા, ખાણ, સંસદીય બાબતો |
| 13. | શ્રીમતી સ્મૃતિ ઈરાની | કાપડ મંત્રાલય, મહિલા અને બાળ વિકાસ |
| 14. | શ્રી અર્જુન મુંડા | આદિવાસી બાબતો |
| 15. | શ્રી રામવિલાસ પાસવાન | ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | |
|---|---|---|
| 16. | શ્રી નરેન્દ્ર સિંહ તોમર | કૃષિ અને ખેડૂત કલ્યાણ,ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ |
| 17. | શ્રી થાવર ચંદ ગેહલોત | સામાજિક ન્યાય અને સશક્તિકરણ |
| 18. | શ્રી રમેશ પોખરિયાલ 'નિશાંક' | માનવ સંસાધન વિકાસ |
| 19. | ડો. હર્ષ વર્ધન | વિજ્ઞાન અને ટેક્નોલોજી, પૃથ્વી વિજ્ઞાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ |
| 20. | શ્રી પિયૂષ ગોયલ | રેલવે, વાણિજ્ય અને ઉદ્યોગ |
| 21. | શ્રી મુખ્તાર અબ્બાસ નકવી | લઘુમતી બાબતો |
| 22. | શ્રી પ્રકાશ જાવડેકર | પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન; માહિતી અને પ્રસારણ |
| 23. | ડો. મહેન્દ્રનાથ પાંડે | સ્કિલડેવલપમેન્ટ અને એન્ટરપ્રિનિયોરશિપ |
| 24. | શ્રી ગિરિરાજ સિંહ | પશુપાલન, ડેરી અને મત્સ્ય ઉદ્યોગ |

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ (સ્વતંત્ર હવાલો)

| | | |
|---|---|---|
| 1. | શ્રી સંતોષકુમાર ગંગવાર | શ્રમ અને રોજગાર |
| 2. | શ્રી રાવ ઈન્દ્રજીત સિંહ | સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન, યોજના મંત્રાલય |
| 3. | શ્રી શ્રીપદ યેશો નાઈક | આયુર્વેદા, યોગા એન્ડ નેચરોપેથી, યુનાની, સિદ્ધા એન્ડ હોમિયોપેથી(AYUSH) |
| 4. | ડો. જીતેન્દ્રસિંહ | ડેવલપમેન્ટ ઓફ નોર્થ ઈસ્ટર્ન રીજીયન |
| 5. | શ્રી કિરણ રિજિજુ | યુવા બાબતો અને રમતગમત |
| 6. | શ્રી પ્રહલાદ સિંહ પટેલ | સંસ્કૃતિ, પ્રવાસન |
| 7. | શ્રી રાજકુમાર સિંહ | વીજ (વીજળી), પુનઃપ્રાપ્ય ઊર્જા |
| 8. | શ્રી હરદીપસિંહ પુરી | મકાન અને શહેરી બાબતો, નાગરિક ઉડ્ડયન |
| 9. | શ્રી મનસુખ એલ. માંડવીયા | શિપિંગ મંત્રાલય |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય મંત્રીમંડળમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ

| ક્રમ | નામ | મંત્રી/મંત્રાલય |
|---|---|---|
| 1. | શ્રી અમિત શાહ | કેબિનેટ કક્ષાના ગૃહપ્રધાન |
| 2. | શ્રી મનસુખ એલ. માંડવીયા | શિપિંગ મંત્રાલયનો રાજ્ય કક્ષાનો સ્વતંત્ર હવાલો; ઉપરાંત રાજ્ય કક્ષાના રસાયણ અને ખાતર મંત્રી |
| 3. | શ્રી પુરુષોત્તમ રૂપાલા | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી |

# કેન્દ્રીય મંત્રીપરિષદ અને વડાપ્રધાન વિશે બંધારણીય જોગવાઈ

## વડાપ્રધાનશ્રીની નિમણૂકની પ્રક્રિયા

ભારતના બંધારણમાં વડાપ્રધાનના હોદ્દાની નિયુક્તિ અને પસંદગી અંગે કોઈ વિશિષ્ટ પ્રક્રિયાની જોગવાઈ કરવામાં આવી નથી.

- જોકે, ભારતમાં સામાન્ય રીતે ચૂંટણી પરિણામો બાદ વિજેતા પક્ષ કે ગઠબંધનના વિજેતા ઉમેદવારોની એક બેઠક મળે છે.
- આ બેઠકમાં **ચૂંટાયેલા સભ્યો** વડાપ્રધાન પદ માટે... સર્વાનુમતે **પોતાના નેતાની** પસંદગી કરે છે.
- ત્યારબાદ **રાષ્ટ્રપતિ** બહુમતી ધરાવતા પક્ષને સરકાર રચવા માટે આમંત્રણ આપે છે. અને આ બહુમતી ધરાવતા પક્ષના પૂર્વ નિશ્ચિત કરાયેલા નેતાની વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 75 (1)** અંતર્ગત **વડાપ્રધાનની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા** કરવામાં આવે છે. અને **અન્ય મંત્રીશ્રીઓની નિમણૂક રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહથી કરે છે.**

**નોંધ :** વડાપ્રધાન બનવા માટે લોકસભાના કુલ સભ્યોમાંથી **50 ટકાથી વધુ** એટલે કે **272 સભ્યો**નું સમર્થન જરૂરી છે.

## વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરી શકાય ?

ભારતીય બંધારણમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર –

(1) તે લોકસભાના સભ્ય હોવા જોઈએ.

અથવા

(2) તે રાજ્યસભાના સભ્ય હોવા જોઈએ.

અથવા

(3) લોકસભા કે રાજ્યસભાના સભ્ય ન હોય તેવી વ્યક્તિની પણ વડાપ્રધાન તરીકે નિમણૂક કરી શકાય છે. પરંતુ તેમણે પોતાની નિમણૂકના **6 મહિના**ની અંદર **લોકસભા** કે **રાજ્યસભા**માંથી ચૂંટાવું પડે છે.

## વડાપ્રધાનશ્રીની શપથવિધિ

વડાપ્રધાનનો હોદ્દો ધારણ કરતા પહેલા ભારતના રાષ્ટ્રપતિ દ્વારા તેમને હોદ્દો અને ગુપ્તતાના શપથ અપાવવામાં આવે છે.

- હોદ્દાની શપથ લેતી વખતે વડાપ્રધાન કહે છે કે :

(1) મૈં ભારત કે સંવિધાન પ્રતિ સચ્ચિ શ્રદ્ધા ઔર નિષ્ઠા રખૂંગા.

(2) મૈં ભારત કી પ્રભુતા ઔર અખંડતા અક્ષુણ્ણ રખૂંગા.

(3) મૈં શ્રદ્ધાપૂર્વક એવં શુદ્ધ અંતરણ સે અપને પદ કે દાયિત્વોં કા નિર્વહન કરુંગા.

(4) મૈં ભય યા પક્ષપાત, અનુરાગ યા દ્વેષ કે બિના સભી પ્રકાર કે લોગોં કે પ્રતિ સંવિધાન ઔર વિધિ કે અનુસાર ન્યાય કરુંગા.

- વડાપ્રધાન ગુપ્તતાના શપથ માટે કહે છે કે, "મૈં **ઈશ્વર કી શપથ** લેતા હું કી જો વિષય મેરે વિચાર કે લિયે લાયા જાયેગા.... પ્રકટ નહીં કરુંગા."

## વડાપ્રધાન-મંત્રીપરિષદના સભ્યો તથા લોકસભાના સભ્યોને શપથ કોણ અપાવે છે ?

ભારતમાં **વડાપ્રધાન** અને **મંત્રીપરિષદના સભ્યો**ને હોદ્દો અને ગુપ્તતાના શપથ **રાષ્ટ્રપતિ** અપાવે છે.

- જ્યારે **લોકસભાના સભ્યો**ને શપથ **પ્રોટેમ સ્પીકર** અપાવે છે.
- નવી લોકસભા જ્યારે પ્રથમ વખત મળે છે તે સમયે સૌથી લાંબા અનુભવવાળા સભ્યને રાષ્ટ્રપતિ પ્રોટેમ સ્પીકર તરીકે નિયુક્ત કરે છે.

## વડાપ્રધાનશ્રીનો કાર્યકાળ

ભારતમાં વડાપ્રધાનનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી.

- જો તેમને લોકસભામાં બહુમતી પ્રાપ્ત હોય તો લોકસભાનો ભંગ ન થાય ત્યાં સુધી તેઓ વડાપ્રધાન પદે રહી શકે છે.
- જોકે, લોકસભામાં વિશ્વાસનો મત (એટલે કે બહુમતી) ગુમાવી દેતા તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું પડે છે.
- અને જો તેઓ રાજીનામું ન આપે તો **રાષ્ટ્રપતિ** તેમને પદભ્રષ્ટ કરી શકે છે.

## વડાપ્રધાનશ્રીનો પગાર

ભારતમાં વડાપ્રધાનને **સંસદ સભ્ય** જેટલો જ એટલે કે **રૂ. 1 લાખ** પગાર મળે છે.

- વડાપ્રધાનના પદ માટે અલગથી કોઈ પગાર-ભથ્થાની જોગવાઈ કરવામાં આવી નથી.

## મંત્રીપરિષદ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 74** અંતર્ગત ભારતમાં **રાષ્ટ્રપતિને સલાહ આપવા માટે અને સહાય કરવા માટે** વડાપ્રધાન જેના વડા હોય તેવી એક **મંત્રીપરિષદ** હોય છે.

- **અનુચ્છેદ 75** અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈ મુજબ આ મંત્રીઓની નિમણૂક **રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહથી** કરે છે.

## મંત્રીપરિષદ અને મંત્રીમંડળ વચ્ચેનો તફાવત

મંત્રીપરિષદ અને મંત્રીમંડળ શબ્દો સમાન નથી, પરંતુ એ બંને વચ્ચે ભેદ છે.

- **મંત્રીપરિષદ** એટલે **બધા જ મંત્રીઓનો સમૂહ**.
- આથી, મંત્રીપરિષદમાં **કેબિનેટ મંત્રી**, **રાજ્ય મંત્રી** અને **ઉપમંત્રી** એમ તમામ મંત્રીઓનો સમાવેશ થાય છે.
- મંત્રીપરિષદ એટલે.....




- જ્યારે **મંત્રીમંડળ** એટલે **કેબિનેટ મંત્રીઓનો સમૂહ**.
- આથી, મંત્રીમંડળમાં માત્ર **કેબિનેટ મંત્રીઓ**નો જ સમાવેશ થાય છે.
- મંત્રીમંડળ એ મંત્રીપરિષદનો જ એક ભાગ છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 74 તથા 75**માં મંત્રીપરિષદ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- જ્યારે મંત્રીમંડળ અથવા તો કેબિનેટ શબ્દનો ઉલ્લેખ મૂળ બંધારણમાં ન હતો. પરંતુ તેને **અનુચ્છેદ 352** અંતર્ગત **44મા બંધારણીય સુધારા** દ્વારા દાખલ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મંત્રીઓના પ્રકાર

ભારતીય બંધારણમાં મંત્રીઓના વિવિધ સ્તરોનો કોઈ ઉલ્લેખ નથી.

- પરંતુ ભારતમાં સામાન્ય રીતે મંત્રીપરિષદમાં ત્રણ પ્રકારના મંત્રીઓનો સમાવેશ થાય છે.




### (1) કેબિનેટ મંત્રી (Cabinet Ministers)

- કેબિનેટ મંત્રી એ મંત્રીપરિષદના મહત્ત્વપૂર્ણ મંત્રી છે.
- કેબિનેટ મંત્રી એ મંત્રીપરિષદના પ્રથમ હરોળના મંત્રી છે.
- મંત્રીપરિષદની તમામ બેઠકોમાં કેબિનેટ મંત્રી ભાગ લઈ શકે છે.
- કેબિનેટ મંત્રી એ તેમને આપવામાં આવેલ વિભાગના પ્રમુખ હોય છે. જેના નિર્ણયો તે સ્વતંત્ર રીતે લઈ શકે છે.
- ટૂંકમાં ભારત સરકારના મહત્ત્વના વિભાગો જેવા કે રક્ષા, ગૃહ, રેલવે, નાણાં અને અન્ય વિભાગોના મંત્રીશ્રીઓ કેબિનેટ મંત્રીઓ કહેવાય છે.
- મૂળ બંધારણમાં 'કેબિનેટ' શબ્દનો કોઈ ઉલ્લેખ ન હતો. 44મો બંધારણીય સુધારો, 1978 દ્વારા અનુચ્છેદ 352ના સંદર્ભમાં આ શબ્દ ઉમેરવામાં આવ્યો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### (2) રાજ્ય મંત્રી (State Ministers)

- રાજ્યમંત્રીઓનું મહત્ત્વ કેબિનેટ મંત્રીથી થોડું ઓછું હોય છે.
- રાજ્ય કક્ષાના મંત્રીએ મંત્રીપરિષદના બીજી હરોળના મંત્રી છે.
- રાજ્ય કક્ષાના મંત્રીઓ તમામ બેઠકોમાં ભાગ લઈ શકતા નથી. માત્ર તેમને આમંત્રિત કરેલ બેઠકમાં જ ભાગ લઈ શકે છે.
- રાજ્ય કક્ષાના મંત્રીઓ બે પ્રકારના હોય છે :

  (i) સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીઓ.

  (ii) સ્વતંત્ર હવાલો ધરાવતા ન હોય તેવા રાજ્ય મંત્રીઓ.

#### (i) સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીઓ

- સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીઓ કેન્દ્રીય કેબિનેટ મંત્રી અંતર્ગત કાર્ય કરતા નથી, પરંતુ તેઓ જે તે વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા હોય છે.
- આ મંત્રીઓને કેબિનેટ બેઠકમાં ત્યારે જ આમંત્રણ આપવામાં આવે છે, જ્યારે તેમના વિષયની બેઠકમાં ચર્ચા કરવાની હોય.

### (ii) સ્વતંત્ર હવાલો ન ધરાવતા રાજ્ય મંત્રીઓ

- સ્વતંત્ર હવાલો ન ધરાવતા રાજ્ય મંત્રીઓ કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓ અંતર્ગત કાર્ય કરે છે. તેઓને વિભાગનો સ્વતંત્ર ચાર્જ આપવામાં આવતો નથી.
- કેબિનેટ મંત્રીઓની બેઠકમાં તેઓને ભાગ લેવાનો અધિકાર નથી.

### (3) ઉપમંત્રી (Deputy Ministers)

- આ મંત્રીઓ સ્વતંત્ર હવાલો ધરાવતા નથી, પરંતુ કેબિનેટ મંત્રી કે સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રીના મદદરૂપ તરીકે કાર્ય કરે છે.
- સામાન્ય રીતે રાજનીતિમાં પ્રવેશ પામેલા નવા સભ્યોની મંત્રી તરીકેની તાલીમ આપવા માટે ઉપમંત્રી તરીકે નિમણૂક કરવામાં આવે છે.

**નોંધ :** (1) મંત્રીપરિષદ એ **અનુચ્છેદ 75** અનુસાર **સામૂહિક રીતે લોકસભા** ગૃહને જવાબદાર છે.

(2) મંત્રીપરિષદના **દરેક મંત્રી વ્યક્તિગત** રીતે **રાષ્ટ્રપતિને** જવાબદાર છે.

(3) ભારતમાં મંત્રીપરિષદની કોઈ કાયદાકીય જવાબદારી હોતી નથી. જ્યારે બ્રિટનમાં મંત્રીઓની કાયદાકીય જવાબદારી પણ છે.

(4) રાષ્ટ્રપતિ મંત્રીપરિષદની સલાહ માનવા બંધાયેલા છે. આવો સુધારો 42મો બંધારણીય સુધારો, 1976 દ્વારા કરવામાં આવેલો. 44મો બંધારણીય સુધારો, 1978 દ્વારા રાષ્ટ્રપતિને સત્તા આપવામાં આવી કે તેઓ મંત્રી પરિષદ દ્વારા આપવામાં આવેલી સલાહને પુનઃ વિચારણા માટે મોકલી શકે છે. પરંતુ પુનઃ વિચારણા બાદ આપવામાં આવેલી સલાહ માનવા તેઓ બંધાયેલ છે.

(5) કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવેલી સલાહની કોઈપણ અદાલતમાં તપાસ કરી શકાશે નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### મંત્રી બનવાની લાયકાત

- બંધારણના **અનુચ્છેદ-75(5)**માં મંત્રીની લાયકાત અંગેની જોગવાઈ છે. જે મુજબ :
  - (a) સંસદના બેમાંથી કોઈ પણ એક ગૃહના સભ્ય હોવા જોઈએ. જેનો અર્થ એવો પણ થાય કે લોકસભા કે રાજ્યસભાના સભ્ય બનવા જે લાયકાત જોઈએ તે મંત્રી બનવા પર્યાપ્ત છે.
  - (b) જો કોઈ વ્યક્તિ સંસદના કોઈ ગૃહનો સભ્ય ન હોય અને કોઈ વિભાગના મંત્રી બનાવવામાં આવે તો તે વધુમાં વધુ 6 મહિના મંત્રીપદ પર રહી શકે છે. અને જો **6 મહિના**માં કોઈ ગૃહનો સભ્ય બને તો તે પોતાના પદ પર ચાલુ રહે છે.

**નોંધ :** 6 મહિનામાં કોઈપણ ગૃહના સભ્ય બનવું ફરજિયાત છે.

## મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા

- બંધારણ સભાએ મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા કેટલી રાખવી તે અંગે કોઈ ચોક્કસ જોગવાઈ કરી ન હતી.
- જોકે, 91મો બંધારણીય સુધારો–2003થી બંધારણમાં અનુચ્છેદ–75(1)(ક) ઉમેરવામાં આવ્યો અને મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા નિશ્ચિત કરવામાં આવી. જેથી વહીવટમાં સરળતા રહે અને મતભેદ ઊભો ન થાય.
- આ સુધારા અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રીપરિષદમાં પ્રધાનમંત્રી સહિત તમામ મંત્રીઓની કુલ સંખ્યા લોકસભાની કુલ સભ્ય સંખ્યાના 15%થી વધુ હોવી જોઈએ નહીં.

**નોંધ :** મંત્રીપરિષદનો કોઈ મંત્રી જે સંસદના કોઈ એક ગૃહનો સભ્ય છે તે બેમાંથી કોઈપણ ગૃહમાં ચર્ચામાં ભાગ લઈ શકે છે. પરંતુ પોતે જે ગૃહનો સભ્ય હોય તે ગૃહમાં જ મતદાન કરી શકે છે.

## કિચન કેબિનેટ (Kitchen Cabinet)

કિચન કેબિનેટ એ બંધારણીય સંસ્થા નથી કારણ કે બંધારણમાં તેના વિશે કોઈ જોગવાઈ નથી.

- મંત્રીઓની સંખ્યા વધુ હોવાથી કોઈ એક મુદ્દા પર તમામ મંત્રીઓના મત/વિચાર સરખા હોય તે શક્ય નથી.
- પરિણામે નિર્ણય લેવામાં મુશ્કેલી સર્જાય છે.
- આ ઉપરાંત ઘણી બાબતોમાં સરકારની નીતિ અંગેની ગુપ્તતા જળવાતી નથી.
- આ બાબતોને ધ્યાનમાં લઈ પ્રધાનમંત્રી કેબિનેટ મંત્રીમાંથી અમુક મંત્રીઓને પસંદ કરી કેબિનેટનો એક નાનો ઉપસમૂહ રચે છે.
- જેને કિચન કેબિનેટ કહે છે.
- આ કિચન કેબિનેટ દ્વારા મહત્ત્વના અને ઝડપી નિર્ણયો સરળતાથી લઈ શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મંત્રીઓના પગાર

ભારતમાં મંત્રીશ્રીને **સંસદ સભ્ય** જેટલો જ એટલે કે **રૂ. 1 લાખ** પગાર મળે છે.

- મંત્રીઓના હોદ્દા માટે અલગથી પગાર-ભથ્થાની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.

## મંત્રીઓનો કાર્યકાળ

ભારતીય બંધારણના **અનુચ્છેદ-75(2)** અંતર્ગત દરેક મંત્રી **Pleasure of President** એટલે કે **રાષ્ટ્રપતિની રાજીખુશી** સુધી મંત્રી પદ પર રહે છે.

- જોકે અહીં **Pleasure of President** (રાષ્ટ્રપતિની રાજીખુશી) એ વાસ્તવમાં **વડાપ્રધાન**ની રાજીખુશી છે.
- કેમ કે, રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ પ્રમાણે જ મંત્રીઓની નિમણૂક અને તેમને હોદ્દા પરથી દૂર કરે છે.

## લોકસભાના સભ્ય બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના **અનુચ્છેદ 84**માં લોકસભાના સભ્ય બનવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. આ અનુસાર –

(1) તે **ભારતના નાગરિક** હોવા જોઈએ.

(2) તેમની ઓછામાં ઓછી ઉંમર **25 વર્ષ** હોવી જોઈએ.

(3) તેમણે **ત્રીજી અનુસૂચિ** મુજબ **શપથ** લીધેલા હોવા જોઈએ.

(4) તેઓ કોઈપણ સંસદીય મતક્ષેત્રની મતદારયાદીમાં નામાંકિત હોવા જોઈએ.

(5) તેઓ અસ્થિર મગજના કે નાદાર જાહેર થયેલા ન હોવા જોઈએ.

(6) **સંસદ** દ્વારા તેમને અયોગ્ય ઘોષિત કરેલા ન હોવા જોઈએ અથવા સંસદ દ્વારા માંગવામાં આવેલ યોગ્યતાનો તેમનામાં અભાવ ન હોવો જોઈએ.

## લોકસભાના સભ્યોની ચૂંટણી

ભારતમાં લોકસભાના સભ્યોની ચૂંટણી નીચેના સિદ્ધાંતોને આધારે થાય છે :

(1) **પ્રત્યક્ષ ચૂંટણી :** ભારતમાં પ્રત્યેક મતદાનક્ષેત્રોમાં લોકો પોતાના પ્રતિનિધિને પ્રત્યક્ષ રીતે મતદાન કરીને ચૂંટે છે.

(2) **સૌથી વધુ મત મેળવનાર વિજેતા :** ભારતમાં ચૂંટણીના ઉમેદવારોમાંથી સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવે છે. તેમાં વિજેતા થવા માટે મતની કોઈ જ મર્યાદા નથી. આથી, ઉમેદવાર 1 મતથી લઈને લાખો મતની લીડથી વિજેતા થઈ શકે છે. ભારતમાં વિજેતા થવા માટે કોઈ ઉમેદવારને ઓછામાં ઓછા 10-20 કે 50 ટકા મત મળવા જ જોઈએ એવી કોઈ મર્યાદા નથી.

(3) **એકલ સભ્ય ચૂંટણી ક્ષેત્ર :** ભારતમાં લોકસભાના પ્રત્યેક મતદાન ક્ષેત્રમાંથી એક જ પ્રતિનિધિ ચૂંટવામાં આવે છે, એકથી વધુ નહિ.

(4) **પ્રાદેશિક પ્રતિનિધિત્વ પદ્ધતિ :** ભારતમાં લોકસભામાં દેશના તમામ ભાગોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે, ભારતના તમામ ભાગોને મતક્ષેત્રમાં વહેંચવામાં આવ્યા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બેવડું સભ્યપદ

જો કોઈ સભ્ય એક જ સમયે એક સાથે એકથી વધુ ગૃહનો સભ્ય હોય તો તેણે બેમાંથી એક પદ ખાલી કરવું પડે છે. જેમ કે,

(1) **જો તે રાજ્યસભા અને લોકસભા એમ બંનેમાં એક સાથે ચૂંટાય તો**

ભારતમાં **લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1951** અનુસાર કોઈ વ્યક્તિ એક સાથે સંસદના બંને ગૃહના સભ્ય બની શકતા નથી.

- આથી, જો કોઈ વ્યક્તિ એક સાથે બંને ગૃહોમાં ચૂંટાય તો તેમણે બેમાંથી એક ગૃહના સભ્યપદનો ત્યાગ કરવો પડશે.
- તેઓ કયા ગૃહના સભ્ય પદે રહેવા માંગે છે તેની **10 દિવસમાં ચૂંટણી પંચના સચિવ**ને જાણ કરવાની રહેશે.
- જો તેઓ ચૂંટણી પંચને જાણ ન કરે તો **10 દિવસ બાદ રાજ્યસભા**નું તેમનું સભ્ય પદ રદ થઈ જાય છે.

(2) **સંસદના કોઈ એક ગૃહમાં સભ્ય હોય અને બીજા ગૃહમાં ચૂંટાય તો**

ભારતમાં જો કોઈ વ્યક્તિ સંસદના કોઈ એક ગૃહનો સભ્ય હોય અને બીજા ગૃહના સભ્ય તરીકે ચૂંટાઈને આવે તો તેમના **ચૂંટાવાની તારીખથી** એ વ્યક્તિ તે **અગાઉ જે ગૃહનો સભ્ય હતો તે ગૃહનું સભ્યપદ** ગુમાવે છે.

**(3) સંસદના કોઈ એક ગૃહમાં એકથી વધુ બેઠકોમાં ચૂંટાય તો**

જો કોઈ વ્યક્તિ કોઈ એક ગૃહની એકથી વધુ બેઠકો પર ચૂંટાય તો તેમણે કોઈ એક બેઠકની પસંદગી કરવી પડે છે.

- જો તેઓ કોઈ એક બેઠકની પસંદગી ન કરે તો તેમની **બધી જ બેઠકો** રદ થઈ જાય છે.

**(4) સંસદ તથા કોઈ રાજ્યના વિધાનમંડળ એમ બંનેમાં એક સાથે ચૂંટાય તો**

જો કોઈ વ્યક્તિ સંસદના કોઈ એક ગૃહ અને રાજ્યના વિધાનમંડળ એમ બંનેમાં એક સાથે ચૂંટાય તો તેઓએ **14 દિવસ**માં પોતાની **રાજ્ય વિધાનમંડળ**ની બેઠકનો ત્યાગ કરવો પડે છે.

- જો એમ ન કરે તો તેમની **સંસદની બેઠક** રદ થાય છે.

## લોકસભાનો કાર્યકાળ

- લોકસભાનો કાર્યકાળ પ્રથમ બેઠકથી શરૂ કરીને પાંચ વર્ષ સુધીનો હોય છે. જે ઈંગ્લેન્ડના 'હાઉસ ઓફ કોમન્સ'ના કાર્યકાળ બરાબર છે.
- કાર્યકાળ પૂરો થાય તે પહેલા લોકસભા બે રીતે વિસર્જિત થાય છે :
  (1) જો કોઈ પક્ષ કે ગઠબંધન બહુમતી ગુમાવે તો.
  (2) પ્રધાનમંત્રી પોતાના પદ પરથી રાજીનામું આપે અને રાષ્ટ્રપતિને લોકસભા વિસર્જનની ભલામણ કરે તો.
- લોકસભાનું કાર્યકાળ પહેલા વિસર્જન થઈ શકે છે. તેવી જ રીતે અમુક સંજોગોમાં લોકસભાનો કાર્યકાળ પાંચ વર્ષ કરતા વધારી પણ શકાય છે. જ્યારે કટોકટીની ઘોષણા થાય ત્યારે સંસદ લોકસભાનો કાર્યકાળ એક વખતે એક વર્ષ માટે વધારી શકે છે. આવો કાર્યકાળ કટોકટી હોય ત્યાં સુધી એક–એક વર્ષ વધારી શકે છે.
- પહેલા લોકસભાનો કાર્યકાળ 5 વર્ષનો હતો. જે **42મા બંધારણીય સુધારા અધિનિયમ**, **1976 દ્વારા** વધારીને **6 વર્ષ** કરવામાં આવ્યો. આથી, **5મી લોકસભા (1971-77)**નો કાર્યકાળ **6 વર્ષ**નો હતો. ત્યારબાદ **44માં બંધારણીય સુધારા અધિનિયમ**, **1978 દ્વારા** લોકસભાનો કાર્યકાળ ફરી **5 વર્ષ** કરવામાં આવ્યો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતની અત્યાર સુધીની લોકસભા અને તેનો કાર્યકાળ

| લોકસભા | કાર્યકાળ |
|---|---|
| પ્રથમ લોકસભા | 1952 - 1957 |
| દ્વિતીય લોકસભા | 1957 - 1962 |
| તૃતીય લોકસભા | 1962 - 1967 |
| ચતુર્થ લોકસભા | 1967 - 1971 |
| પાંચમી લોકસભા | 1971 - 1977 |
| છઠ્ઠી લોકસભા | 1977 - 1980 |
| સાતમી લોકસભા | 1980 - 1984 |
| આઠમી લોકસભા | 1984 - 1989 |
| નવમી લોકસભા | 1989 - 1991 |

| લોકસભા | કાર્યકાળ |
|---|---|
| દસમી લોકસભા | 1991 - 1996 |
| અગિયારમી લોકસભા | 1996 - 1998 |
| બારમી લોકસભા | 1998 - 1999 |
| તેરમી લોકસભા | 1999 - 2004 |
| ચૌદમી લોકસભા | 2004 - 2009 |
| પંદરમી લોકસભા | 2009 - 2014 |
| સોળમી લોકસભા | 2014 - 2019 |
| સત્તરમી લોકસભા | 2019 - 2024 |

**નોંધ :** **પાંચમી લોકસભા**નો કાર્યકાળ **6 વર્ષ**નો હતો.

## અત્યાર સુધીના ભારતના પ્રધાનમંત્રી અને તેમનો કાર્યકાળ

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1. | શ્રી જવાહરલાલ નહેરુ | 1947 - 1964 |
| 2. | શ્રી ગુલજારીલાલ નંદા (કાર્યકારી) | 1964 |
| 3. | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | 1964 - 1966 |
| 4. | શ્રી ગુલજારીલાલ નંદા (કાર્યકારી) | 1966 |
| 5. | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 1966 - 1977 |
| 6. | શ્રી મોરારજી દેસાઈ | 1977 - 1979 |
| 7. | શ્રી ચરણ સિંહ | 1979 - 1980 |
| 8. | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 1980 - 1984 |
| 9. | શ્રી રાજીવ ગાંધી | 1984 - 1989 |
| 10. | શ્રી વિશ્વનાથ પ્રતાપ સિંહ | 1989 - 1990 |
| 11. | શ્રી ચંદ્રશેખર | 1990 - 1991 |
| 12. | શ્રી પી.વી. નરસિંહ રાવ | 1991 - 1996 |
| 13. | શ્રી અટલ બિહારી વાજપેયી | 1996 - 1996 |
| 14. | શ્રી એચ.ડી. દેવગૌડા | 1996 - 1997 |
| 15. | શ્રી આઈ.કે. ગુજરાલ | 1997 - 1998 |
| 16. | શ્રી અટલ બિહારી વાજપેયી | 1998 - 1999 |
| 17. | શ્રી અટલ બિહારી વાજપેયી | 1999 - 2004 |
| 18. | ડો. મનમોહન સિંહ | 2004 - 2009 |
| 19. | ડો. મનમોહન સિંહ | 2009 - 2014 |
| 20. | શ્રી નરેન્દ્રભાઈ મોદી | 2014 - 2019 |
| 21. | શ્રી નરેન્દ્રભાઈ મોદી | 2019 - કાર્યરત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના વડાપ્રધાન

- શ્રી જવાહરલાલ નહેરુ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન હતા.
- સૌથી લાંબો સમય વડાપ્રધાન તરીકે શ્રી જવાહરલાલ નહેરુ રહ્યા હતા.
- ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી હતા.
- શ્રી મોરારજી દેસાઈ પ્રથમ બિન કોંગ્રેસી વડાપ્રધાન હતા.
- શ્રી ગુલજારીલાલ નંદા બે વખત 14-14 દિવસ માટે કાર્યકારી વડાપ્રધાન બન્યા હતા.
- ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને શપથ 'લોર્ડ માઉન્ટ બેટન' દ્વારા લેવડાવવામાં આવ્યા હતા.
- ભારતીય વડાપ્રધાનનું સરકારી નિવાસ સ્થાન 7 RCR છે. જે હવે લોક કલ્યાણ માર્ગ તરીકે ઓળખાય છે. RCRનું પૂરું નામ રેસ કોર્સ રોડ હતું.
- શ્રી મોરારજી દેસાઈને પાકિસ્તાનનો સર્વોચ્ચ પુરસ્કાર ‘નિશાન–એ–પાક’ આપવામાં આવ્યો હતો.

- સૌથી મોટી ઉંમરે વડાપ્રધાન પદ પર બિરાજમાન વ્યક્તિ શ્રી મોરારજી દેસાઈ હતા.
- પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિર (ગોલ્ડન ટેમ્પલ)માં ઓપરેશન બ્લૂ સ્ટાર એ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીના સમયમાં થયું હતું. આ ઓપરેશન બ્લૂ સ્ટાર સમયે ભારતીય સેનાના વડા જનરલ અરૂણ શ્રીધર વૈદ્ય હતા.
- વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી 'પ્રિયદર્શિની' તરીકે ઓળખાતા હતા. તેમને આ નામ શ્રી રવિન્દ્રનાથ ટાગોર દ્વારા આપવામાં આવ્યું હતું.
- શ્રી રાજીવ ગાંધી ભારતના સૌથી યુવા પ્રધાનમંત્રી હતા. જેઓ ઈન્ડિયન એરલાયન્સમાં પાયલોટ હતા.
- ભારત–ચીન યુદ્ધ ઈ.સ. 1962માં થયું ત્યારે વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ હતા.
- ઈ.સ. 1965ના ભારત–પાકિસ્તાન યુદ્ધ સમયે વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રી હતા.
- ઈ.સ. 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ સમયે વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી હતા.
- ઈ.સ. 1999ના ભારત–પાકિસ્તાન યુદ્ધ કે જે કારગિલ યુદ્ધ તરીકે ઓળખાયું છે તે સમયે વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયી હતા.
- શ્રી પી.વી. નરસિમ્હા રાવ એકમાત્ર પ્રધાનમંત્રી હતા જેઓ 14 ભાષાઓ જાણતા અને બોલી શકતા. જેમાં મરાઠી, હિન્દી, ઉડિયા, બેંગાલી, ગુજરાતી, તમિલ, ઉર્દુ, અંગ્રેજી, ફ્રેંચ, અરબી, સ્પેનિશ, જર્મન, પર્સિયનનો સમાવેશ થાય છે. તેમની માતૃભાષા તેલુગુ હતી.
- શ્રી પી.વી. નરસિમ્હા રાવ 'ભારતીય અર્થતંત્રના સુધારાના પિતા' અને 'ચાણક્ય' તરીકે ઓળખાતા પ્રધાનમંત્રી છે.
- ઈ.સ. 1992ના આર્થિક સુધારા શ્રી પી.વી. નરસિમ્હા રાવના પ્રધાનમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન થયા હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયી ભારતના એવા પ્રથમ પ્રધાનમંત્રી છે જેમણે યુ.એન. (United Nations) સામાન્ય સભામાં સૌપ્રથમ હિન્દીમાં ભાષણ આપ્યું હતું.
- શ્રી મોરારજી દેસાઈના વડાપ્રધાન તરીકેના કાર્યકાળમાં શ્રી અટલ બિહારી વાજપેયી વિદેશ મંત્રી હતા.
- દેશનો સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન મેળવનાર પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ હતા.
- જય જવાન, જય કિસાનનો નારો શ્રી લાલ બહાદુર શાસ્ત્રીએ આપ્યો હતો.
- જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાનનો નારો શ્રી અટલ બિહારી વાજપેયીએ આપ્યો હતો.
- અત્યાર સુધી સૌથી વધુ વડાપ્રધાન ઉત્તરપ્રદેશ રાજ્યમાંથી બન્યા છે. કુલ 8 વડાપ્રધાન ઉત્તરપ્રદેશ રાજ્યએ આપ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ભારત રત્નથી સન્માનિત ભારતના વડાપ્રધાન**

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1. | પંડિત જવાહરલાલ નહેરુ | ઈ.સ. 1955 |
| 2. | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | ઈ.સ. 1966 |
| 3. | શ્રીમતી ઈન્દિરા ગાંધી | ઈ.સ. 1971 |
| 4. | શ્રી રાજીવ ગાંધી | ઈ.સ. 1991 |
| 5. | શ્રી મોરારજી દેસાઈ | ઈ.સ. 1991 |
| 6. | શ્રી ગુલઝારીલાલ નંદા | ઈ.સ. 1997 |
| 7. | શ્રી અટલ બિહારી વાજપેયી | ઈ.સ. 2015 |

**પોતાના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામેલા વડાપ્રધાન**

| ક્રમ | નામ |
|---|---|
| 1. | પંડિત જવાહરલાલ નહેરુ |
| 2. | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી |
| 3. | શ્રીમતી ઈન્દિરા ગાંધી |

**નોંધ :** શ્રી રાજીવ ગાંધી પોતાના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામ્યા ન હતા.

## રાજ્ય સભાના સભ્ય હોય અને વડાપ્રધાન બન્યા હોય

| ક્રમ | નામ |
|---|---|
| 1. | શ્રીમતી ઈન્દિરા ગાંધી |
| 2. | શ્રી એચ.ડી. દેવગૌડા |
| 3. | શ્રી આઈ.કે. ગુજરાલ |
| 4. | ડૉ. મનમોહન સિંહ |

## કોઈ રાજ્યના મુખ્યમંત્રી પદ બાદ વડાપ્રધાન બન્યા હોય તેવા છ વડાપ્રધાનો

| ક્રમ | નામ | રાજ્ય | કાર્યકાળ (મુખ્યમંત્રી તરીકે) |
|---|---|---|---|
| 1. | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ | બોમ્બે | 1952 - 56 |
| 2. | શ્રી ચૌધરી ચરણ સિંહ | ઉત્તરપ્રદેશ | 1967 - 68 |
| 3. | શ્રી વી.પી. સિંહ | ઉત્તરપ્રદેશ | 1989 - 90 |
| 4. | શ્રી પી.વી. નરસિમ્હા રાવ | આંધ્રપ્રદેશ | 1971 - 73 |
| 5. | શ્રી એચ.ડી. દેવગૌડા | કર્ણાટક | 1994 - 96 |
| 6. | શ્રી નરેન્દ્રભાઈ મોદી | ગુજરાત | 2001 - 14 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 17મી લોકસભા ચૂંટણી વિશે પરીક્ષાલક્ષી કેટલીક અગત્યની માહિતી

- ભારતમાં 17મી લોકસભા ચૂંટણીમાં સૌથી મોટા ચાર વિજેતા પક્ષનો ક્રમ આ પ્રમાણે છે :
  - (1) ભારતીય જનતા પાર્ટી - 303
  - (2) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ - 52
  - (3) દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK-તમિલનાડુ) - 23
  - (4) ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (પશ્ચિમ બંગાળ) - 22
    તથા YRS કોંગ્રેસ પાર્ટી (આંધ્રપ્રદેશ) - 22
- તાજેતરમાં ભારતમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે સૌપ્રથમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને શપથ અપાવ્યા હતા. ત્યારબાદ બીજા ક્રમે શ્રી રાજનાથ સિંહને અને ત્રીજા ક્રમે શ્રી અમિત શાહને શપથ અપાવ્યા હતા.
- તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભારતના ચૂંટણી પંચે ભારતના ચૂંટણી ઈતિહાસમાં સૌપ્રથમ વખત પશ્ચિમ બંગાળમાં અનુચ્છેદ 324નો પ્રયોગ કર્યો હતો. અને ત્યાં અંતિમ સાતમા તબક્કામાં એક દિવસ વહેલો ચૂંટણી પ્રચાર બંધ કરાવ્યો હતો.
- તાજેતરમાં ભારતમાં 543માંથી 542 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. જ્યારે તમિલનાડુની 'વેલ્લોર' બેઠક પર ચૂંટણી પંચે ચૂંટણી મોકૂફ રાખી હતી. જે હવે પછી યોજાશે.
- તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભારતમાં સૌપ્રથમ વખત મતદાતાઓ મોબાઈલ પર ચૂંટણી પરિણામ જોઈ શકે તે

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

માટે ચૂંટણી પંચ દ્વારા **'Voter Helpline'** નામની **મોબાઈલ એપ** લોન્ચ કરવામાં આવી હતી.

- ભારતમાં તાજેતરની લોકસભા ચૂંટણીમાં ચૂંટણી પંચના પ્રારંભિક અંદાજ અનુસાર **67.11 ટકા** મતદાન થયું હતું. જે ભારતમાં અત્યાર સુધી યોજાયેલી તમામ લોકસભા ચૂંટણીઓમાં સૌથી વધુ છે.
- વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં **ગુજરાત**ની **નવાસરી** બેઠક પરથી ભાજપના સાંસદ **શ્રી સી. આર. પાટીલ 6.89 લાખ** મતથી જીત્યા હતા. જે ભારતમાં લોકસભા ચૂંટણીની **સૌથી મોટી જીત** હોવાનું કહેવાય છે.
- ભારતમાં **લોકસભામાં વિપક્ષના નેતાનું પદ** મેળવવા માટે સામાન્ય રીતે વિજેતા પક્ષ સિવાયના કોઈ પક્ષે લોકસભાની કુલ બેઠકોની ઓછામાં ઓછી **10 ટકા** એટલે કે **55 બેઠકો** મેળવવી જરૂરી છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદી **સતત બીજી વખત** વડાપ્રધાન બનનાર પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન છે.
- આ ઉપરાંત શ્રી જવાહરલાલ નહેરુ અને શ્રીમતી ઈન્દિરા ગાંધી બાદ બીજી વખત પૂર્ણ બહુમતી મેળવનાર શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના **ત્રીજા વડાપ્રધાન** છે.
- **મધ્યપ્રદેશ**નો **હરદા જિલ્લો** ભારતનો એકમાત્ર એવો જિલ્લો છે કે જ્યાં વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં **સંપૂર્ણ મતગણતરી મહિલાઓ દ્વારા** કરવામાં આવી હતી.
- શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના **14મા** વડાપ્રધાન છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ખાસ નોંધ :**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની મંત્રીપરિષદ અંગેના પરીક્ષાલક્ષી મહત્ત્વના પ્રશ્નો આગામી અંક **WEEK-23**માં પ્રસિદ્ધ કરવામાં આવશે.



દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.